ગઝલમાં રદીફ અને કાફિયા

(ઉદય શાહ)

રદીફ :-

ગઝલમાં મતલાની બંને પંક્તિના અંતે અને અન્ય શેરોની બીજી પંક્તિના અંતે આવતા એકસરખાં શબ્દોને રદીફ કહેવામાં આવે છે. રદીફ જેટલી લાંબી હોય અથવા અટપટી હોય એટલી જ એને નિભાવવી અઘરી હોય છે. હતા, છે, નથી, નહીં વગેરે જેવી રદીફ નિભાવવી સરળ છે પરંતુ ‘એવું કરવાથી શું મળવાનું છે’, ‘જીવન છે બસ ચાલ્યા કરશે’, ‘સમજી લેજે’, ‘જા રે જા’, વગેરે જેવી રફીફ નિભાવવી અઘરી પડે છે. રદીફ ગમે એવી પ્રયોજી શકાય પરંતુ સાથે એ પણ ધ્યાન રાખવું જરૂરી છે કે ગઝલના દરેક શેરના ભાવાર્થમાં રદીફ પણ પૂર્ણ રૂપે સાર્થક હોવી જોઈએ. શેરમાંથી રદીફ કાઢી નાખતાં પણ શેરના ભાવાર્થમાં કશો ફરક ન પડતો હોય તો એ શેરમાં રદીફ સાર્થક છે એમ કહી શકાય નહીં.

કાફિયા :-

ગઝલમાં રદીફ પહેલાં પ્રયોજાતા ઉચ્ચારાંતમાં સમાનતા ધરાવતા શબ્દો કે જે દરેકમાં કોઈ નિશ્ચિત અક્ષરના સ્વર અને ત્યાર પછીના અક્ષરો એકસરખાં હોય એને કાફિયા કહેવામાં આવે છે. નામ, જામ, દામ, આરામ, બદનામ વગેરે શબ્દોમાં છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર ‘આ’ અને એનાં પછીનો (છેલ્લો) અક્ષર ‘મ’ એકસરખાં છે. રતન, મનન, મિલન, સુમન, અમન, ચમન, જતન, આગમન વગેરે શબ્દોમાં છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર ‘અ’ અને એનાં પછીનો (છેલ્લો) અક્ષર ‘ન’ એકસરખાં છે.

ઘણીવાર કક્ત સ્વરાંત કાફિયા પણ પ્રયોજવામાં આવે છે કે જેમાં દરેક કાફિયાના છેલ્લા અક્ષરના સ્વર એકસરખાં હોય છે. દવા, કઝા, દુઆ, ખુદા, ફિઝા, ઝાંઝવા વગેર શબ્દોમાં છેલ્લા અક્ષરનો સ્વર ‘આ’ જ એકસરખો છે. ફક્ત સ્વરાંત કાફિયામાં અકારાંત કાફિયા પ્રયોજી શકાય નહીં. નામ, ધાર, જીત, ફૂલ વગેર શબ્દોમાં છેલ્લા અક્ષરનો સ્વર ‘અ’ એકસરખો હોવા છતાં એ શબ્દો કાફિયા તરીકે પ્રયોજી શકાય નહીં.

જડ્યા, નડ્યા, પડ્યા વગેરે શબ્દોમાં છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર 'અ' અને એનાં પછીના અક્ષરો 'ડ્' (જોડાક્ષર એટલે કે હલન્ત) અને 'યા' એકસરખાં છે. સમાન સ્વરવાળા નિશ્ચિત અક્ષર પછી જોડાક્ષર આવતો હોય તો ઉપર દર્શાવ્યા મુજબ દરેક કાફિયાનો જોડાક્ષર પણ એકસરખો જ હોવો જોઈએ. લખ્યા, હસ્યા, ફર્યા વગેરે શબ્દોમાં છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર 'અ' એકસરખો જ છે પરંતુ જોડાક્ષર અલગ હોવાથી એ શબ્દો જડ્યા, નડ્યા, પડ્યા વગેરે જેવાં શબ્દો સાથે સાથે કાફિયા તરીકે પ્રયોજી શકાય નહીં. આમ જડ્યા-લખ્યા અથવા લખ્યા-હસ્યા અથવા હસ્યા-ફર્યા વગેરે જેવી અલગ જોડાક્ષરવાળી કાફિયાની વ્યવસ્થા અયોગ્ય કહેવાશે જ્યારે જડ્યા-પડ્યા અથવા હસ્યા-ફસ્યા અથવા ફર્યા-તર્યા વગેરે જેવી એકસરખાં જોડાક્ષરવાળી કાફિયાની વ્યવસ્થા યોગ્ય કહેવાશે.

જડતો, નડતો, પડતો વગેરે શબ્દોમાં છેલ્લેથી ત્રીજા અક્ષરનો સ્વર 'અ' અને એનાં પછીના અક્ષરો 'ડ' અને 'યા' એકસરખાં છે. અહીં છેલ્લેથી બીજો અક્ષર 'ડ' સ્વર સહિત લખાતો હોવા છતાં એનો ઉચ્ચાર જોડાક્ષરની જેમ હલન્ત હોવાથી એને જોડાક્ષર જ ગણી લેવો પડશે. એ જ કારણે જડતો, નડતો, પડતો વગેરે જેવાં શબ્દો સાથે લખતો, હસતો, ફરતો વગેરે શબ્દો કાફિયા તરીકે પ્રયોજી શકાય નહીં. આમ જડતો-લખતો અથવા લખતો-હસતો અથવા હસતો-ફરતો વગેરે જેવી કાફિયાની વ્યવસ્થા અયોગ્ય કહેવાશે કે જેમાં જોડાક્ષરની જેમ હલન્ત ઉચ્ચારવાળો છેલ્લેથી બીજો અક્ષર અલગ-અલગ હોય જ્યારે જડતો-પડતો અથવા હસતો-ફસતો અથવા ફરતો-તરતો વગેરે જેવી કાફિયાની વ્યવસ્થા યોગ્ય કહેવાશે કે જેમાં જોડાક્ષરની જેમ હલન્ત ઉચ્ચારવાળો છેલ્લેથી બીજો અક્ષર એકસરખો હોય.

મતલામાં કાફિયાની જે વ્યવસ્થા સ્વીકારવામાં આવી હોય એ જ વ્યવસ્થા ત્યારબાદના દરેક શેરમાં જાળવવાની હોય છે. મતલા પછીના શેરોમાં મતલાથી ચુસ્ત કાફિયા પ્રયોજી શકાય પરંતુ મતલાથી શિથિલ કાફિયા પ્રયોજી શકાય નહીં. મતલામાં વિચારોમાં-નજારોમાં વ્યવસ્થા સ્વીકારવામાં આવી હોય કે જેમાં છેલ્લેથી ત્રીજા અક્ષરનો સ્વર 'આ' અને એનાં પછીના અક્ષરો 'રો' અને 'માં' એકસરખાં છે તો એની સાથે વિસામોમાં, સજાઓમાં વગેરે જેવાં શિથિલ થઈ જતાં કાફિયા પ્રયોજી શકાય નહીં.

મતલામાં કાફિયાની જે વ્યવસ્થા સ્વીકારવામાં આવી હોય એ જ વ્યવસ્થા ત્યારબાદના દરેક શેરમાં જાળવવાની હોય છે એ વાત બરાબર છે પરંતુ મતલા સિવાયના બધા જ શેરોમાં મતલાની વ્યવસ્થાથી વધુ ચુસ્ત એવા એકસરખી વ્યવસ્થાના કાફિયા પ્રયોજ્યા હોય તો શિથિલ કાફિયાવાળો મતલા સુધારવો જરૂરી છે એવું મારું માનવું છે. મતલામાં કિનારો-સજાવો વ્યવસ્થા સ્વીકારવામાં આવી હોય કે જેમાં છેલ્લા અક્ષરનો સ્વર 'ઓ' જ એકસરખો છે પરંતુ બાકીના

શેરોમાં સુધારો, વધારો, સિતારો, નકારો, તિખારો વગેરે જેવા કાફિયા પ્રયોજ્યા હોય કે જેમાં છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર 'આ' અને એનાં પછીનો અક્ષર 'રો' એકસરખાં છે તો મતલામાં 'સજાવો' કાફિયા ઉચિત ન કહેવાય. એ જ રીતે મતલામાં કિનારો-સજાવો વ્યવસ્થા સ્વીકારવામાં આવી હોય કે જેમાં છેલ્લા અક્ષરનો સ્વર 'ઓ' જ એકસરખો છે પરંતુ બાકીના શેરોમાં વધાવો, લખાવો, રચાવો, નચાવો, સતાવો વગેરે જેવા કાફિયા પ્રયોજ્યા હોય કે જેમાં છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર 'આ' અને એનાં પછીનો અક્ષર 'વો' એકસરખાં છે તો મતલામાં 'કિનારો' કાફિયા ઉચિત ન કહેવાય. વધાવો, લખાવો, રચાવો, નચાવો, સતાવો વગેરે જેવા કાફિયામાં છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર 'આ' અને એનાં પછીનો અક્ષર 'વો' તો એકસરખાં છે જ પરંતુ છેલ્લેથી ત્રીજા (પહેલા) અક્ષરનો સ્વર 'અ' પણ સામાન્ય છે. મતલામાં સજાવો-વધાવો વ્યવસ્થા સ્વીકારવામાં આવી હોય તો બાકીના શેરોમાં પણ છેલ્લેથી ત્રીજા અક્ષરનો સ્વર 'અ', છેલ્લેથી બીજા અક્ષરનો સ્વર 'આ' અને છેલ્લો અક્ષર 'વો' એકસરખાં જ રહે તો વધુ સારું કહેવાય.

કાફિયાની વ્યવસ્થા અને એનાં પ્રકાર વિશે વધુ જાણકારી માટે મારા કાફિયા વિશેના લેખનો અભ્યાસ કરી લેવો. આ લેખ ઉપરાંત મારા બીજા અભ્યાસ લેખ અને પુસ્તકો પણ મારી નીચે દર્શાવેલ વેબસાઈટ પર વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

Uday Shah
Dadatattu (Sai) Street, Navsari – 396445, Gujarat – India.
(M) +919428882632

Websites :-

www.udayshahghazal.com
www.sites.google.com/site/udayshahghazal
www.sites.google.com/site/udayshahghazals
www.sites.google.com/site/udayshahxyz